---

**બચાવપક્ષની આંક–૪૪ની સદર કેસની કાર્યવાહી સ્ટે કરવાની અરજી લગત હુકમ.**

---

(૧) આ કામે બચાવપક્ષે હાલની અરજી રજુ રાખી તેમાં સદર કામના આરોપી તર્ફે કોર્ટમાં હાલની અરજી રજુ રાખી ઈન્ટ્રીમ મોરીટોરીયમ શરુ થયેલ હોય જેથી તેને લગતા તમામ લેણાના કેસોની કાર્યવાહી સ્ટે કરવા માટે અરજીમાં દર્શાવેલ કારણોસર અરજ ગુજારેલ છે.

(૨) જે પરત્વે નીચે બચાવપક્ષે આંક–૪૬થી લેખિત જવાબ રજુ રાખેલ છે અને તેમાં ઈન્સોલવંશી મોરીટોરીયમ પીરીયડ હેઠળ એ હુકમ કોપોરેટ ડેપ્ટને લાગુ પડે. તેનો આશરો લઈ આરોપીને વ્યકિતગત પ્રોસીડીંગ સ્ટે કરાવાનો કોઈ અધિકાર નથી. જેથી કેસ પ્રોસીડીંગ લંબાવાના આશયથી હાલની અરજી આપેલ હોય અરજી રદ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે બન્ને પક્ષોની દલીલ લંબાણપુર્વક સાંભળી તથા પક્ષકારો તર્ફે પોતાની અરજીના સમર્થનમાં રજુ રાખેલ ચુકાદાઓને માનપુર્વક વંચાણે લીધાં. આ કામે બચાવપક્ષે પોતાની અરજીના સમર્થનમાં ગુરબીરસીંગ વિરુઘ્ધ રાજકૌરનો નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટનો ચુકાદો રજુ રાખેલ છે તથા નામ. સુપ્રિમ કોર્ટના રાજકુમાર અગ્રવાલ અને બીજાઓ વિરુઘ્ધ કોટક મહીન્દ્રા બેંક

તથા સુરેન્દ્રકુમાર પટવા વિરુધ્ધ ધર્મેન્દ વોરાના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે. જયારે ફરીયાદપક્ષે તેઓની દલીલમાં જણાવેલ છે કે,એન.સી.આર.ટી.નું લીટીગેશન સીવીલ પ્રકારનું છે અને હાલનો કેસ ફોજદારી ફરીયાદ છે. જેથી રાકેશ ભણોત વિરુધ્ધ ગુરુદેવ એગ્રો પ્રાઈવેટ લીમીટેડના નામ. સુપ્રિમ કોર્ટના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ હાલની ફરીયાદ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળની ક્રિમિનલ પ્રકારની કાર્યવાહી હેઠળનો હોય જેથી તે કેસનો હેતુ ચેકના વ્યવહારની વિશ્વાસનીયતા જાળવી રાખવાનો છે. જેથી આ કામના આરોપીની વ્યકિતગત જવાબદારી ફરીયાદમાં ઉભી થતી હોય, જેથી ૧૩૮ના કેસોને રોકવા માટે કલમ–૯૬ લાગુ પાડી શકાય નહી. જેથી અરજી રદ કરવા અરજ ગુજારતી દલીલ નામ. સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને ધ્યાને લઈને રદ કરવા અરજ ગુજારતી દલીલ કરેલ છે.

(૪) આ કામે પક્ષકારો તર્ફેની ઉપરોકત દલીલો ધ્યાને લીધી. તેમજ રજુ થયેલ નામ. ઉચ્ચ અદાલતો તથા નામ. સવોચ્ચ અદાલતના બન્ને પક્ષે રજુ થયેલ ચુકાદાઓને માનપુર્વક વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો સાથે અત્રેની અદાલત નમ્રપણે સમંત થાય છે. પરંતુ આ કામે બચાવપક્ષે પોતાની અરજીમાં જણાવ્યા મુજબ અને.સી.આર.ટી.નું લીટીગેશન શરુ થયેલ હોય જેથી તેને લગતા તમામ લેણાંના કેસોની કાર્યવાહી સ્ટે કરવી જોઈએ તેવી અરજ ગુજારેલ છે. જે પરત્વે એન.સી.આર.ટી. સમક્ષનું લીટીગેશન સીવીલી પ્રકારનું છે અને હાલનો કેસ ફોજદારી પ્રકારનો અને તે પણ નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮મુજબનો કેસ છે અને નામદાર સુપ્રિમ કોર્ટના રાકેશ ગણોત વિરુધ્ધ ગુરુદેવ એગ્રો પ્રાઈવેટ લીમીટેડના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે આર.બી.સી. એકટનું મોરીટોરીયમ સીવીલ રીકવરી કે મની કલેઈમ માટે છે, નહી કે ક્રિમીનલ પ્રોસીડીંગ માટે ચેકનો અનાદરએ પીનલ પ્રકારની કાર્યવાહી છે. જયારે નામ. એન.સી.એલ.ટી. સમક્ષ જે કાર્યવાહી ચાલે છે તે બેકીંગ સીસ્ટમ માટેનો વિશેષ કાયદો છે. આ કેસમાં આરોપીઓને ઈન્ટ્રીમ મોરીટોરીયમ આપેલ હતું. હાલની ફરીયાદનું પ્રોસીડીંગ ચાલુ છે. તેમછતાં નામ. સુપ્રિમ કોર્ટે એવું કહયુ હતુ કે એની લીગલ એકશન ઓર પ્રોસીંડીંગ ઓર એની ડેટ સેલ સ્ટેડ એ ૯૬ને લાગુ પડે. પરંતુ ક્રિમીનલ પ્રોસીકયુશનમાં તે લાગુ પડે નહી, કારણ કે ૧૩૮ની કાર્યવાહી ક્રિમીનલ પ્રકારની છે અને તેનો હેતુ ચેકના વ્યવહારની વિશ્ચાસનીયતા જાળવી રાખવાનો છે. તેથી તે આરોપીની વ્યકિતગત જવાબદારી અંગેનો હોય નામ. સુપ્રિમકોર્ટના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ઘ્યાને લેતાં આ કામે ન્યાયના વિશાળ હીતમાં હુ હાલની અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવાનું ન્યાયી માનું છું.

**:: હુકમ ::**

(એ) આરોપીની હાલની અરજી આથી ખર્ચ સહીત નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૩મી માહે:એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ હળવદ

મુકામે વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા. ૧૩/૦૪/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.